NHSRCL
National High Speed Rail Corporation Ltd.

DIVYA BHASKAR, Surat, 8.3.2020

Page No. 2, Size:(8.48)cms X (12.12)cms.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કામની સાથે મહિલાઓ માટે રોજગારની તાલીમ

## ચેનપુર અને રોપડા ગામની 23 મહિલાને ટ્રેનિંગની સાથે સિલાઈ મશીન પણ અપાયાં

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) ફક્ત બુલેટ ટ્રેનને જ પાટા પર દોડાવવા માટે કામ નથી કરતી, પરંતુ બુલેટ ટ્રેનના રૂટ પર આવતાં ગામડાંમાં યુવાનો અને મહિલાઓના જીવનને પણ પાટે ચઢાવવા પ્રયત્નશીલ છે. એનએચએસઆરસીએલે મહિલાઓને પગભર કરવા શુક્રવારે ચેનપુર અને રોપડા ગામની 23 મહિલાને ટ્રેનિંગ આપવાની સાથે સિલાઈ મશીન પણ આપ્યા હતા.

એનએચએસઆરસીએલનાં પ્રવક્તા સુષમા ગૌડે જણાવ્યું કે, ગ્રામજનોને જમીનનું વળતરની સાથે તેમને રોજગારીની તકો પણ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ગ્રામીણ અને રોજગાર તાલીમ કેન્દ્રના સહયોગથી ચેનપુર અને રોપડામાં મહિલાઓ માટે સિલાઈ અને ટેલરિંગ ટ્રેનિંગ કેમ્પ યોજાયો હતો. રોપડામાં ટ્રેનિંગ લેનારી 23 મહિલાને સિલાઈ મશીન અપાયાં હતાં. આ કાર્યક્રમ દરમિયાન 100થી વધુ લોકો અને તેમના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે, યુવાનો અને મહિલાઓ પગભર થાય તે માટે એનએચએસઆરસીએલે અત્યાર સુધી 200થી વધુ લોકોને ટ્રેનિંગ આપી છે.

DIVYA BHASKAR, Ahmadabad, 8.3.2020
Page No. 4, Size:(8.41)cms X (12.18)cms.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કામની સાથે મહિલાઓ માટે રોજગારની તાલીમ

## ચેનપુર અને રોપડા ગામની 23 મહિલાને ટ્રેનિંગની સાથે સિલાઈ મશીન પણ અપાયાં

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) ફક્ત બુલેટ ટ્રેનને જ પાટા પર દોડાવવા માટે કામ નથી કરતી, પરંતુ બુલેટ ટ્રેનના રૂટ પર આવતાં ગામડાંમાં યુવાનો અને મહિલાઓના જીવનને પણ પાટે ચઢાવવા પ્રયત્નશીલ છે. એનએચએસઆરસીએલે મહિલાઓને પગભર કરવા શુક્રવારે ચેનપુર અને રોપડા ગામની 23 મહિલાને ટ્રેનિંગ આપવાની સાથે સિલાઈ મશીન પણ આપ્યા હતા.

એનએચએસઆરસીએલનાં પ્રવક્તા સુષમા ગૌડે જણાવ્યું કે, ગ્રામજનોને જમીનનું વળતરની સાથે તેમને રોજગારીની તકો પણ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. ગ્રામીણ અને રોજગાર તાલીમ કેન્દ્રના સહયોગથી ચેનપુર અને રોપડામાં મહિલાઓ માટે સિલાઈ અને ટેલરિંગ ટ્રેનિંગ કેમ્પ યોજાયો હતો. રોપડામાં ટ્રેનિંગ લેનારી 23 મહિલાને સિલાઈ મશીન અપાયાં હતાં. આ કાર્યક્રમ દરમિયાન 100થી વધુ લોકો અને તેમના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે, યુવાનો અને મહિલાઓ પગભર થાય તે માટે એનએચએસઆરસીએલે અત્યાર સુધી 200થી વધુ લોકોને ટ્રેનિંગ આપી છે.